Vishva Samachar Weekly

RNI : GujGuj/2001/05622

લવાજમ
વાર્ષિક : 250 રૂપિયા
છૂટક નકલ : 5-00 રૂપિયા
'વિશ્વ સમાચાર'ના
નામથી મોકલી આપવા વિનંતી
શેઠ વાડીલાલ સારાભાઇ
હોસ્પિટલ સામે,

Associated
PRESS OWNERS WELFARE ASSOCIATION

વિશ્વસમાચાર
સાપ્તાહિક


PRINTER, PUBLISHER, OWNER AND EDITOR : NILAYBHAI HARISHBHAI MEHTA

E-mail : vishvasamacharindia@gmail.com

● Office : Opp. Sheth Vadilal Sarabhai Hospital, Allisebridge, Ahmedabad - 380006 : Mo. 92745 45455

• Year : 24 • Issue : 38 • Dt. 16-06-2025 • Monday • Rs.5-00 • • Page-4








## આ અકસ્માતમાં કુલ ૭ લોકોના મોત થયા

# કેદારનાથ જઈ રહેલું હેલિકોપ્ટર ગૌરીકુંડના જંગલોમાં ક્રેશ થયું



દેહરાદૂન

ઉત્તરાખંડના રુદ્રપ્રયાગ જિલ્લામાં કેદારનાથ જઈ રહેલું હેલિકોપ્ટર સવારે ૫.૨૦ વાગ્યે ગૌરીકુંડના જંગલોમાં ક્રેશ થયું. આ અકસ્માતમાં કુલ ૭ લોકોના મોત થયા છે. આ સાત લોકોમાં એક ગુજરાતના વ્યક્તિ હોવાની માહિતી સામે આવી રહી હતી. પરંતુ વધારે તપાસમાં તે વ્યક્તિ મહારાષ્ટ્રનો વ્યક્તિ હોવાની પુષ્ટી થઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર, આર્યન કંપનીનું હેલિકોપ્ટર ક્રેશ થયું છે. આ અકસ્માત ગૌરીકુંડ અને ત્રિજુગીનારાયણ નારાયણ વચ્ચે થયો હતો. હેલિકોપ્ટર ક્રેશ થવાનું કારણ ખરાબ હવામાન હોવાનું કહેવાય છે. તે જ સમયે, આ અકસ્માતની માહિતી આપતા, ઉત્તરાખંડના એડીજી લો અને ઓર્ડર, ડૉ. વી મુરુગેશે જણાવ્યું હતું કે, દેહરાદૂનથી કેદારનાથ જઈ રહેલું હેલિકોપ્ટર ગૌરીકુંડમાં ક્રેશ થયું હતું. સીએમ પુષ્કર સિંહ ધામીએ આ ઘટના અંગે નિવેદન જારી કર્યું છે. તેમણે કહ્યું છે કે, રુદ્રપ્રયાગમાં હેલિકોપ્ટર ક્રેશ થવાના ખૂબ જ દુઃખદ સમાચાર મળ્યા છે. **SDRF**, સ્થાનિક વહીવટીતંત્ર અને અન્ય બચાવ ટીમો રાહત અને બચાવ કામગીરીમાં લાગી ગઈ છે. હું બાબા કેદારને તમામ ભક્તોની સલામતી માટે પ્રાર્થના કરું છું.

ગુપ્તકાશી સ્થિત આર્યન હેલી એવિએશનનું એક હેલિકોપ્ટર કેદારનાથથી ગુપ્તકાશી માટે ૬ મુસાફરો સાથે ઉડાન ભરી રહ્યું હતું, જે સમયસર ગુપ્તકાશી પહોંચી શક્યું ન હતું. કેદારનાથથી ગુપ્તકાશી આવતા સમયે અચાનક ખરાબ હવામાનને કારણે હેલિકોપ્ટર ક્રેશ થયું હોવાનું જાણવા મળ્યું છે. જાણવા મળ્યું છે કે, જ્યાં દુર્ઘટના થઈ તે સ્થળ ગૌરીકુંડથી લગભગ ૦૫ કિમી ઉપર ગૌરી માઈ ખાર્ક નામનું સ્થળ છે. **SDRF** ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. સોનપ્રયાગ પોલીસ સ્ટેશન અને **DDRF** ટીમ બચાવ ટીમો ઘટના સ્થળે પહોંચી હતી.

ઉત્તરાખંડના કેદારનાથમાં આજે સવારે થયેલા હેલિકોપ્ટર ક્રેશમાં જીવ ગુમાવનારા લોકોની ઓળખ થઈ ગઈ છે. આ અકસ્માતમાં ૭ લોકોના મોત થયા છે અને મૃતકોમાં એક બાળકીનો પણ સમાવેશ થાય છે. આ અકસ્માતમાં **BKTC**ના એક કર્મચારીનો પણ જીવ ગયો છે. મૃતકોની યાદીમાં ૨ મહિલાઓના નામ પણ સમાવેશ થાય છે. ક્રેશ થયેલ હેલિકોપ્ટર કેદારનાથના દર્શન કર્યા પછી ભક્તો સાથે ગૌરીકુંડ માટે ઉડાન ભરી હતી. જ્યાં અકસ્માત થયો તે સ્થળ એક દૂરસ્થ વિસ્તાર છે.

મહત્વનું છે કે,ઉત્તરાખંડના ચારધામમાંથી એક એવા કેદારનાથ નજીક હેલિકોપ્ટર ક્રેશ થવાની દુર્ઘટના બની છે. જેમાં ૭ લોકોના મોત થયા છે. દુર્ઘટનાગ્રસ્ત હેલિકોપ્ટરમાં કેટલાક ગુજરાતી હોવાની પણ આશંકા હતી, પરંતુ પાછળથી તેમાં રદિયો આપ્યો છે. મૃતકોમાં ૨ વર્ષની એક બાળકી પણ સામેલ છે. ખરાબ હવામાનના કારણે દુર્ઘટના બની છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આજે સવારે લગભગ ૫:૧૭ વાગ્યે આર્યન કંપનીનું હેલિકોપ્ટર કેદારનાથ હેલિપેડથી ગુપ્તકાશી હેલિપેડ માટે ઉડાન ભરી રહ્યું હતું, પરંતુ રસ્તામાં ખરાબ હવામાનને કારણે હાર્ડ લેન્ડિંગ કરતી વખતે હેલિકોપ્ટર ક્રેશ થઈ ગયું. રાજ્યના મુખ્યમંત્રી પુષ્કર ધામીએ અકસ્માત પર દુઃખ વ્યક્ત કર્યું અને અકસ્માતની તપાસના આદેશ આપ્યા. તેમણે મૃતકોના પરિવારજનોને શક્ય તમામ મદદ અને સહાયની ખાતરી પણ આપી. પોલીસે અકસ્માતનો કેસ નોંધ્યો છે.

તમને જણાવી દઈએ કે રાજ્યના મુખ્યમંત્રી પુષ્કર ધામીએ પણ ૭ દિવસ પહેલા વિવિધ હેલિકોપ્ટર કંપનીઓ સાથે બેઠક યોજી હતી અને સૂચના આપી હતી કે કંપનીઓ ભવિષ્યમાં કોઈ અકસ્માત ન થાય તેનું ધ્યાન રાખે. કંપનીઓને હેલિકોપ્ટરની ખામીઓ દૂર કરવા પણ કહેવામાં આવ્યું હતું. ધામી સરકાર પાસે જે હેલિકોપ્ટર છે તેમાં ૨ એન્જિન છે, જ્યારે કેટલીક કંપનીઓ પાસે એક એન્જિનવાળા હેલિકોપ્ટર છે, જે અકસ્માતોનું કારણ બને છે. આવી સ્થિતિમાં પ્રશ્ન એ છે કે આવા હવામાનમાં જે ગમે ત્યારે ખરાબ થઈ શકે છે, જ્યારે મુસાફરો મોટી સંખ્યામાં મુસાફરી કરવા માટે હેલિકોપ્ટરનો સહારો લે છે, તો પછી ઉડ્ડયન કંપનીઓ હેલિકોપ્ટરમાં ફેરફાર કેમ નથી કરતી?

હેલિકોપ્ટરમાં નીચે મુજબના લોકો સવાર હતા.

૧. શ્રદ્ધા રાજકુમાર જયસ્વાલ (૩૫ વર્ષ - મહારાષ્ટ્ર)
૨. રાશીી (૧૦ વર્ષ - મહારાષ્ટ્ર)
૩. રાજકુમાર સુરેશ જયસ્વાલ (૪૧ વર્ષ - મહારાષ્ટ્ર)
૪. વિક્રમ (કેદારનાથ ઉત્તરાખંડ)
૫. વિનુદ દેવી (૬૬ વર્ષ - ઉત્તર પ્રદેશ)
૬. તુસ્તી સિંહ (૧૯ વર્ષ - ઉત્તર પ્રદેશ) ૭. કેપ. રાજવીર સિંહ ચૌહાણ (પાયલોટ)

## કેદારનાથમાં વરસાદી આફત

# યાત્રા સ્થગિત થતાં ભક્તોને સુરક્ષિત સ્થળે રોકાવવા અપીલ

કેદારનાથ

કેદારનાથમાં હેલિકોપ્ટર ક્રેશ થયા બાદ વરસાદી આફતે અનેક મુશ્કેલીઓ ઉભી કરી છે. અહીં યાત્રાળુઓના માર્ગ પર કાટમાળ પડતા એક શ્રદ્ધાળુનું મોત અને બે ઈજાગ્રસ્ત થયા છે. રસ્તા પર અનેક ઠેકાણા પાણી ભરાતા રસ્તો બંધ કરવાની નોબત ઉભી થઈ છે. ઘટના બાદ શ્રદ્ધાળુઓની સુરક્ષાને ધ્યાને રાખી સોનપ્રયાગથી કેદારનાથ ધામ સુધીની પગપાળા યાત્રા આગામી આદેશ સુધી સ્થગિત કરી દેવાઈ છે. આ કારણે અહીં અનેક શ્રદ્ધાળુઓ મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

હવામાન વિભાગે કેદારનાથ ધામમાં આગામી એક સપ્તાહ સુધી વરસાદ પડવાનું એલર્ટ જાહેર કર્યું છે અને અહીં સતત વરસાદ પડી રહ્યો છે. વરસાદના કારણે ભૂસ્ખલન પ્રભાવીત જંગલચટ્ટીના રસ્તા પર ઘણું નુકસાન થયું છે. સલામતીના ભાગરૂપે અને શ્રદ્ધાળુઓની સુરક્ષાને ધ્યાને રાખી કેદારનાથ ધામની પગપાળા યાત્રા સોનપ્રયાગથી સ્થગિત કરવામાં આવી છે. પોલીસની ટીમ જંગલચટ્ટી વિસ્તારમાં ફસાયેલા શ્રદ્ધાળુઓની મદદ કરી રહી છે અને તેમને સુરક્ષીત સ્થળે ખસેડી રહી છે.

પોલીસ અધિક્ષક અક્ષય કોંડેએ કેદારનાધામ આવી રહેલા શ્રદ્ધાળુઓને અપીલ કરી છે કે, તેઓ જ્યાં છે, ત્યાં સુરક્ષિત રહે અને નજીકના સ્થળો અથવા હોટલમાં રહે. બીજીતરફ ઉત્તરાખંડના રુદ્રપ્રયાગના ગૌરીકુંડના જંગલમાં રવિવારે (૧૫ જૂન) સવારે એક હેલીકોપ્ટર ક્રેશ થતા સાત લોકોના મોત થયા છે.

## દુર્ઘટનાને ધ્યાનમાં રાખીને ઉત્તરાખંડ સરકારનો નિર્ણય

# ચારધામ યાત્રામાં હેલિકોપ્ટર સેવા બંધ કરવા નિર્ણય લેવાયો

કેદારનાથ : કેદારનાથ નજીક રૂદ્રપ્રયાગમાં હેલિકોપ્ટર ક્રેશ થયા બાદ ઉત્તરાખંડમાં ચારધામ યાત્રા દરમિયાન હેલિકોપ્ટર સેવાઓ આગામી આદેશ સુધી સ્થગિત કરી દેવામાં આવી છે. યુકાડા (ઉત્તરાખંડ નાગરિક ઉડ્ડયન વિકાસ સત્તામંડળ) અને **DGCA**એ સંયુક્ત રૂપે આ નિર્ણય લીધો છે. આ નિર્ણય રવિવારે ગૌરીકુંડમાં હેલિકોપ્ટર ક્રેશની ઘટના બાદ લેવામાં આવ્યો છે. જેમાં સાત લોકોના મોત થયા છે. તપાસ પૂરી થયા બાદ સુરક્ષાના માપદંડોની સમીક્ષા સુધી ચારધામ યાત્રા માટે હેલિકોપ્ટર સેવાઓ સ્થગિત રહેશે.

રાજ્યમાં હેલિકોપ્ટરની વધી રહેલી દુર્ઘટનાઓની ગંભીરતાને ધ્યાનમાં લેતાં મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ હેલિકોપ્ટર સંચાલન મુદ્દે આકરા નિર્દેશ આપ્યા છે. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, પ્રદેશમાં હેલિકોપ્ટર સેવાઓના સંચાલન માટે કડક **SOP** (સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિઝર) તૈયાર કરવામાં આવશે. જેમાં હેલિકોપ્ટરની ટેક્નિકલ સ્થિતિની સંપૂર્ણ તપાસ અને ઉડાન પહેલાં હવામાનની સચોટ માહિતી મેળવવી અનિવાર્ય છે. મુખ્યમંત્રીએ મુખ્ય સચિવને નિર્દેશ આપ્યો છે કે, ટેક્નિકલ એક્સપર્ટની એક કમિટી રચવામાં આવે. જે હેલિકોપ્ટરના સંચાલન માટે તમામ ટેક્નિકલ અને સુરક્ષાના માપદંડોની સમીક્ષા કરી **SOP** તૈયાર કરશે. જે ખાતરી આપશે કે, હેલિકોપ્ટર સેવાઓનું સંચાલન સંપૂર્ણપણે સુરક્ષિત, પારદર્શક અને નિર્ધારિત માપદંડો અનુસાર છે.

## તંત્રીની કલમે................

# વાતાનુકૂલિત યંત્રોનાં બંધન


Editor- Nilay H. Mehta

આજથી ગુજરાતમાં ચોમાસાનો પ્રવેશ થવાની આગાહી છે. છતાં અત્યારે તો ભારતના ઘણા ભાગોમાં તીવ્ર ગરમીને કારણે પારો આસમાને પહોંચી રહ્યો છે, ત્યારે ગરમીથી બચવા માટે વીજળીની ડિમાન્ડમાં અણધાર્યો વધારો થવો સ્વાભાવિક છે. સામાન્ય માણસથી લઈને ઉચ્ચ વર્ગ સુધી, દરેક વ્યક્તિ ઉનાળાની ગરમીથી બચવા માટે કૂલરથી લઈને એસી સુધીની દરેક વસ્તુનો સંપૂર્ણ ઉપયોગ કરે છે. તાજેતરના સમયમાં, ઘર, ઓફિસ, હોટલ અને મોલમાં એસીનો ઉપયોગ ખૂબ જ વધી ગયો છે, જેના કારણે ઉનાળાની પીક સીઝનમાં વીજળીનો વપરાશ ચરમસીમાએ પહોંચે છે. આવા સમયે, કેન્દ્ર સરકારે એર કંડિશનર એટલે કે એસી યંત્રોને વીજળીના વધતા વપરાશ માટે જવાબદાર ખલનાયક તરીકે ઓળખાવ્યા છે. કેન્દ્ર સરકાર ઘરો, હોટલો અને ઓફિસોમાં વપરાતા આ ઉપકરણની ઠંડક શ્રેણીને વીસ ડિગ્રી અને અઠ્ઠાવીસ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે પ્રમાણિત કરવાની યોજના બનાવી રહી છે. નવી માર્ગદર્શિકા અમલમાં આવ્યા પછી, એસી ઉત્પાદકોને વીસ ડિગ્રીથી ઓછા તાપમાને ઠંડક પ્રદાન કરતા એસીનું ઉત્પાદન કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવશે. કેન્દ્રીય ઉર્જા મંત્રી મનોહરલાલ ખટ્ટરના જણાવ્યા અનુસાર, કેન્દ્ર સરકારની આ પહેલ વીજળી બચાવવા અને ભારતની વધતી જતી ઉર્જા જરૂરિયાતોને પૂર્ણ કરવાના પ્રયાસોનો એક ભાગ છે. ઉનાળાની ગરમીથી બચવા માટે, લોકો ખૂબ જ ઓછા તાપમાને એસી ચલાવે છે. આ વલણ પાવર ગ્રીડ પર દબાણમાં ઘણો વધારો કરે છે. અલબત્ત, આનાથી પાવર કટ થવાની શક્યતા પણ ઘણી વધી જાય છે, પરંતુ ખૂબ જ ઓછા તાપમાને એસી ચલાવવું એ આ કટોકટીનો એકમાત્ર ઉકેલ નથી. અન્ય પરિબળો પણ છે. એ પણ એક હકીકત છે કે સરકારી અને ખાનગી કચેરીઓમાં લાંબા સમય સુધી એસીનો ઉપયોગ આડેધડ રીતે કરવામાં આવે છે. અહીં, તેના ઉપયોગમાં આર્થિક કરકસર પણ થાય તે તરફ પગલાં લેવાની જરૂર છે.

વીજળી મંત્રાલયનો ઉર્જા નિયમનકારી બ્યુરો હવે તો એવાં ઉપકરણોના ઉપયોગને પ્રોત્સાહન આપે છે જે વીજળીનો વપરાશ ઘટાડે છે, પરંતુ જ્યારે ગરમી રેકોર્ડ તોડી રહી છે, ત્યારે તાપમાન વધે ત્યારે વીજળીનો વપરાશ અનિવાર્યપણે વધવા લાગે છે. કારણ કે એનો કોઈ સીધો વિકલ્પ નથી, પરંતુ એસીનો વધતો ઉપયોગ આનું એકમાત્ર કારણ નથી. આપણે પોતાને પૂછવાની જરૂર છે કે આપણાં શહેરો આટલા ગરમ કેમ થઈ રહ્યાં છે? સરકારી તંત્રો આ વધતા તાપમાનથી નાગરિકોને રાહત કેમ આપી શકતા નથી? આડેધડ અને અવૈજ્ઞાનિક રીતે થઈ રહેલા બાંધકામ પણ આ માટે એટલા જ જવાબદાર છે. આપણે ચારે બાજુ કોંક્રિટનાં જંગલો બનાવ્યા છે, પરંતુ શહેરોમાં હરિયાળીનો વિસ્તાર સતત સંકોચાઈ રહ્યો છે, જેના કારણે હવાના કુદરતી પ્રવાહમાં પણ અવરોધ આવી રહ્યો છે. વિકાસના નામે, કાપવામાં આવતાં સેંકડો વર્ષ જૂનાં વૃક્ષો, નવાં વૃક્ષો વાવીને ભરપાઈ કરવામાં આવતા નથી. આપણે મકાન બાંધકામ તકનીકો અપનાવી રહ્યા નથી જે ઘરોને કુદરતી રીતે ઠંડુ રાખે છે. જો ગરમી પ્રતિરોધક મકાન બાંધકામ સામગ્રીને પ્રોત્સાહન આપવામાં આવે.


**સમગ્ર ગુજરાત માં પત્રકારો અને જાહેરાત નું કામ કરી શકે તેવા ઉમેદવારો નીમવાના છે**

"વિશ્વ સમાચાર" અખબારમાં પત્રકાર તરીકે ત્થા જાહેરાત નું કામ કરી શકે તેવા યુવક - યુવતીઓ નીમવાના છે. જે ઉમેદવારને બાયોડેટા સાથે કાર્યાલય નો સંપર્ક કરવો.

"વિશ્વ સમાચાર"

મો. ૯૨૭૪૫ ૪૫૪૫૫

Email : vishvasamacharindia@gmail.com


### તુર્કીયેએ ફગાવ્યાં તમામ આરોપ

# અમદાવાદ પ્લેન ક્રેશમાં અમારો કોઈ હાથ નથી

## એવી ચર્ચા થઈ રહી હતી કે એર ઈન્ડિયાના વિમાનનું મેન્ટેનન્સ તુર્કીયેની કંપની પાસે હોવાથી, તેણે કોઈ ષડયંત્ર ઘડ્યું હોય




તુર્કીયે

અમદાવાદમાં એર ઈન્ડિયાનું બોઈંગ ૭૮૭-૮ ડ્રીમલાઈનર વિમાન ગુરુવારે (૧૨મી જૂન) ક્રેશ થયું હતું. આ દુર્ઘટનામાં મૃતકાંક ૨૭૮ને સ્પર્શી ગયો છે. આ વિમાન ક્રેશ થયા પછી એવી ચર્ચા થઈ હતી કે એર ઈન્ડિયાના વિમાનનું મેન્ટેનન્સ તુર્કીયેની કંપની પાસે હોવાથી, તેણે કોઈ ષડયંત્ર ઘડ્યું હોય. જો કે, આ અંગે તુર્કીયેની પ્રતિક્રિયા સામે આવી છે. તુર્કીયેના કોમ્યુનિકેશન ડિરેક્ટોરેટે 'X' પર પોસ્ટ કરીને લખ્યું 'તુર્કિશ ટેકનિક દ્વારા બોઈંગ ૭૮૭-૮ પેસેન્જર વિમાનનું મેન્ટેનન્સ કરવામાં આવ્યો હોવાના તમામ દાવા ખોટા છે.'

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં તુર્કીયેની કંપનીનું નામ ચર્ચામાં આવતા તુર્કીયેના કોમ્યુનિકેશન ડિરેક્ટોરેટે 'X' પર પોસ્ટ કરીને લખ્યું 'અમદાવાદમાં ક્રેશ થયેલા બોઈંગ ૭૮૭-૮ વિમાનના મેન્ટેનન્સ તુર્કિશ ટેકનિક પાસે નહોતું. આવા તમામ દાવાઓ સંપૂર્ણપણે ખોટા છે. ૨૦૨૪-૨૫માં એર ઈન્ડિયા અને તુર્કિશ ટેકનિક વચ્ચે થયેલા કરારો હેઠળ, ખાસ કરીને B777 પ્રકારના વાઈડ-બોડી વિમાનોનું મેન્ટેનન્સ કરવામાં આવે છે. ક્રેશ થયેલ બોઈંગ ૭૮૭-૮ ડ્રીમલાઈનર આ કરારમાં આવતું નથી.'

વધુમાં તેણે લખ્યું કે, 'જોકે અમને ખબર છે કે ક્રેશ થયેલા વિમાનનું મેન્ટેનન્સ કઈ કંપની કરી રહી હતી, પરંતુ આ બાબતો પર ટિપ્પણી કરવી અમારા અધિકારક્ષેત્રની બહાર છે. અમદાવાદ વિમાન દુર્ઘટના અત્યંત દુઃખદ હતો.

આ દુઃખની ઘડીમાં અમારી સંવેદના ભારતના લોકો સાથે છે.' અહેવાલો અનુસાર, તુર્કીયેની કંપની તુર્કિશ ટેકનિક એક ગ્લોબલ એવિએશન સર્વિસ પ્રદાતા છે. કેટલીક ભારતીય એરલાઈન્સ પણ તેની સેવાઓ લે છે. આ કંપની એર ઈન્ડિયાના બોઈંગ ૭૭૭નું મેન્ટેનન્સ કરતા હતા. જો કે, એર ઈન્ડિયા તુર્કીયેની કંપની તેમજ ભારતની એર ઈન્ડિયા એન્જિનિયરિંગ સર્વિસીસ લિમિટેડ અને કેટલાક અન્ય દેશો દ્વારા પણ વિમાનોનું મેન્ટેનન્સ કરાવી રહી છે. ઉલ્લેખનીય છે કે, ભારત અને પાકિસ્તાન વચ્ચેના તણાવમાં તુર્કીયેએ પાકિસ્તાનને સમર્થન આપ્યું હતું, જેના કારણે ભારતે તુર્કીયેનો બહિષ્કાર કરવાનું શરૂ કર્યું હતું. ત્યારે એર ઈન્ડિયાએ પણ તુર્કિશ ટેકનિક સાથેના કરાર ખતમ કર્યા હતા.

### સગાઈ માટે લંડનથી આવ્યો હતો

# દીકરાનો મૃતદેહ વતન આવતા ગામના લોકો હિબકે ચઢ્યા

## બોટાદના હાર્દિક અવૈયાનો મૃતદેહ લવાયો અડતાળા ત્યારે અંતિમયાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા

બોટાદ

અમદાવાદમાં થયેલી દુર્ભાગ્યપૂર્ણ વિમાન દુર્ઘટનામાં બોટાદ જિલ્લાના અડતાળા ગામના વતની હાર્દિકભાઈ અવૈયા ઉંમર ૨૪ વર્ષે નિધન થતાં સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે. હાર્દિકનો મૃતદેહ આજે સવારે તેમના વતન અડતાળા ગામે લાવવામાં આવતા પરિવારમાં આક્રંદ છવાઈ ગયો હતો. આ યુવાન પુત્રના અકાળે અવસાનથી અવૈયા પરિવાર પર જાણે આભ તૂટી પડ્યું છે.

અમદાબાદ પ્લેન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા હાર્દિકભાઈ અવૈયાનો મૃતદેહ અડતાળા લાવવામાં આવ્યો હતો. હાર્દિકનો મૃતદેહ ઘરે પહોંચતા પરિવારમાં ભારે આક્રંદ છવાયો હતો. દીકરાના લાશ જોતા જ પરિવાર ઉપર આભ ફાટ્યું હતું. હાર્દિકને લંડન અભ્યાસ માટે તેના પિતા દેવરાજભાઈ અવૈયાએ જમીન વેચીને મોકલ્યો હતો.

બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના અળતાલા ગામના હાર્દિકભાઈ અવૈયા છેલ્લા ત્રણ વર્ષથી લંડનમાં અભ્યાસ અને નોકરી કરતા હતા. તેમના પિતા દેવરાજભાઈ અવૈયાએ પોતાના પુત્રના ઉજ્જવળ ભવિષ્ય માટે જમીન વેચીને તેમને લંડન મોકલ્યા હતા.

દેવરાજભાઈને બે પુત્રો અને ત્રણ પુત્રીઓ છે, જેમાં હાર્દિક સૌથી નાના હતા. હાર્દિકભાઈ તાજેતરમાં જ વતનમાં આવ્યા હતા. કારણ કે તેમનું કામરેજ તાલુકાના વિભૂતિબેન પટેલ સાથે સગાઈ નક્કી થઈ હતી. દીકરાના આગમનથી પરિવારમાં ખુશીનો માહોલ હતો, પરંતુ વિમાન દુર્ઘટનાએ આ ખુશીને માતમમાં ફેરવી દીધી. હાર્દિકભાઈની અંતિમયાત્રા તેમના નિવાસસ્થાનેથી નીકળતા જ આખું અડતાળા ગામ હિબકે ચડ્યું હતું. ગામમાં શોક અને ગમગીનીનો માહોલ છવાઈ ગયો હતો. મોટી સંખ્યામાં ગ્રામજનો અને સગા-સંબંધીઓ હાર્દિકભાઈને અંતિમ વિદાય આપવા ઉમટી પડ્યા હતા. આ દુઃખદ પ્રસંગે ગઢડા મામલતદાર, પોલીસ ટીમ અને મેડિકલ ટીમ પણ હાજર રહી હતી અને પરિસ્થિતિને સંભાળવામાં મદદ કરી હતી. હાર્દિકના સગા હસમુખભાઈ ગાબાણીએ જણાવ્યું કે, હાર્દિક એક મહેનતુ અને આશાસ્પદ યુવાન હતા જે લંડનમાં રહીને પોતાનો અભ્યાસ પૂર્ણ કરી રહ્યા હતા અને સાથે નોકરી પણ કરતા હતા. તેમના અકાળે નિધનથી અવૈયા પરિવારને, ખાસ કરીને તેમના માતા-પિતા પારાવાર દુઃખ થયું છે. સમગ્ર અડતાળા ગામ આ દુઃખની ઘડીમાં અવૈયા પરિવારની પડખે ઊભું છે.

### કામગીરી અંગે વિવિધ ફેરફારો કરવાનો આદેશ કર્યો

# વડોદરા કોર્પોરેશનમાં ૧૯ ઈજનેરોની સામૂહિક બદલી

## ૧૯ ઈજનેરોની મ્યુનિસિપલ કમિશનર અરુણ બાબુએ સામૂહિક બદલી કરતા ઈજનેરોમાં ચર્ચાનો વિષય બન્યા

વડોદરા

વડોદરા કોર્પોરેશનમાં સમગ્ર સભાએ ત્રણ કાર્યપાલક ઈજનેરની નિમણૂકને મંજૂરી આપી તેની સાથે મળી ૧૯ ઇજનેરોની મ્યુનિસિપલ કમિશનર અરુણ બાબુએ સામૂહિક બદલી કરતા ઈજનેરોમાં ચર્ચાનો વિષય બન્યો છે. વડોદરા મહાનગર પાલિકાના મ્યુનિસિપલ કમિશનરે વહીવટી અનુકૂળતા અંગે અધિકારીઓને તેમની કામગીરી અંગે વિવિધ ફેરફારો કરવાનો આદેશ કર્યો છે. તાજેતરમાં પ્રશાંત જોશી વસંત સિંગલ અને દર્શિલ મહેતાની કોર્પોરેશનની સામાન્ય સભાએ કાર્યપાલક ઇજનેર તરીકેની મંજૂરી આપી હતી. તેઓને વિવિધ વિભાગોની ફાળવણી કરવામાં આવી છે. આ ઉપરાંત ધાર્મિક દવે કાર્યપાલક ઈજનેર-હાલમાં પાણી પુરવઠા, બ્રિજ પ્રોજેક્ટ, ટ્રાફિક શાખા, સંકલન તથા હવાલાના એડી. સીટી એન્જિ. (પાણી પુરવઠા, ડ્રેનેજ, સુએજ) ને હાલની ફરજો ઉપરાંત રોડ પ્રોજેક્ટમાં કાર્યપાલક ઇજનેર તરીકે વધારાનો હવાલો સંભાળવાનો રહેશે બ્રિજ પ્રોજેક્ટ અને ટ્રાફિકની ફરજમાંથી મુક્તિ આપવામાં આવી છે.

તેવી જ રીતે રાજેન્દ્ર વસાવા હાલમાં કાર્યપાલક ઇજનેર તરીકે ફ્યુચરિસ્ટિક સેલ, સેન્ટ્રલ સ્ટોર, હેરિટેજ સેલ, અને પશ્ચિમ ઝોન (વોર્ડ ૮-૯)ને હેરિટેજ કન્ઝર્વેશન તમામ સંબંધીત કામગીરી સંદર્ભે કાર્યપાલક ઈજનેર તરીકે સ્વતંત્ર હવાલો સંભાળવાનો રહેશે. સેન્ટ્રલ સ્ટોર અને પશ્ચિમ ઝોન વોર્ડ ૮-૯ ની કામગીરી યથાવત રહેશે. તથા હરિતીમા શર્મા-કાર્યપાલક ઇજનેર-વરસાદી ગટરને ફ્યુચરીસ્ટિક પ્લાનિંગ સેલમાં કાર્યપાલક ઈજનેર તરીકે વધારાનો હવાલો સંભાળવાનો રહેશે. વરસાદી ગટર પ્રોજેક્ટમાં કાર્યપાલક ઇજનેર તરીકે પશ્ચિમ-દક્ષિણ ઝોનમાં કામગીરી કરવાની રહેશે. તથા પ્રશાંત જયંતીલાલ જોશી-કાર્યપાલક તરીકે આંતરિક પસંદગીથી નવીન નિમણૂક કાર્યપાલક ઈજનેર ઉત્તર ઝોનમાં હાલ કામગીરી કરે છે તેમને હાલની ફરજો ઉપરાંત બ્રિજ પ્રોજેક્ટમાં કાર્યપાલકને તરીકે વધારાનો હવાલો સંભાળવાનો રહેશે

તેવી જ રીતે મહેશ કે વણકર-નાયબ કાર્યપાલક ઇજનેર ડ્રેનેજ પ્રોજેક્ટને હાલની ફરજો ઉપરાંત કાર્ય પાલક ઇજનેર તરીકે વરસાદી ગટરમાં પૂર્વ-ઉત્તર ઝોનની વધારાની કામગીરી કરવાની રહેશે. તેમજ ભાર્ગવ પંડિત-હ.કાર્યપાલક ઇજનેર રોડ પ્રોજેક્ટ (પૂર્વ-ઉત્તર) તથા નાયબ કાર્યપાલક ઈજનેર વોર્ડ નં. ૧૩ને રોડ પ્રોજેક્ટમાં નાયબ કાર્યપાલક ઇજનેર તરીકે તમામ ઝોનની કામગીરી કરવાની રહેશે. વોર્ડ-૧૩ની કામગીરીમાંથી મુક્ત કરવામાં આવે છે. ઉપરાંત હેતલબેન રૂપાપરા કાર્યપાલક ઈજનેર રોડ પ્રોજેક્ટ શાખામાં હ.કાર્યપાલક ઇજનેર (પશ્ચિમ-દક્ષિણ ઝોન) અને ના.કા.ઈ.(ઉત્તર-પશ્ચિમ ઝોન) ને વોર્ડ નંબર ૧૩ માં નાયબ કાર્યપાલક ઈજનેર તરીકેની ફરજો સંભાળવાની રહેશે રોડ પ્રોજેક્ટની કામગીરીમાંથી મુક્તિ આપવામાં આવી છે. તથા જતન બધેકા-નાયબ કાર્યપાલક ઈજનેર, હ.કાર્યપાલક ઈજનેર ઇલે. પાણી પુરવઠા એનર્જી એફીસન્સ સેલને નાયબ કાર્યપાલક ઇજનેર તરીકે પ્લેનેટેરીયમમાં વધારાની કામગીરી કરવાની રહેશે હાલની કામગીરી યથાવત છે. ઉપરાંત આલોક શાહ-નાયબ કાર્યપાલક ઇજનેર(મિકેનિકલ) રોડ પ્રોજેક્ટ શાખા હોટ મિક્સ પ્લાન્ટને પાણી પુરવઠા પ્રોજેક્ટમાં (પા.પૂ.વિતરણ) ઉત્તર ઝોનની ફરજ બજાવવાની રહેશે. તેમજ યોગેશ એસ વસાવા ઈ નાયબ કાર્યપાલક ઈજનેર (મિકેનિકલ) પાણી પુરવઠા પ્રોજેક્ટમાં (પા.પૂ. વિતરણ) ઉત્તર ઝોનને રોડ પ્રોજેક્ટ શાખામાં હોટ મિક્ષ પ્લાન્ટ અને સંલગ્ન ફરજો બજાવવાની રહેશે.

આવી જ રીતે હર્ષિલ.બી.પટેલ નાયબ કાર્યપાલક ઈજનેર વોર્ડ નં. ૮ને હાલની ફરજો ઉપરાંત પાર્ક એન્ડ ગાર્ડન શાખાના પશ્ચિમ અને દક્ષિણ ઝોનમાં સમાવિષ્ટ બાગ બગીચાઓ સંદર્ભે સિવિલ વર્કની કામગીરી કરવાની રહેશે. તથા પાર્થ જી.ગોસ્વામી-નાયબ કાર્યપાલક ઈજનેર વોર્ડ-૩ને હાલની ફરજો ઉપરાંત ગાર્ડન શાખાના ઉત્તર અને પૂર્વ ઝોન સમાવિષ્ટ બાગ બગીચાઓ સંદર્ભે સિવિલ વર્કની કામગીરી કરવાની રહેશે.

તેમજ રવિ.કે.શાહ-એડિ.એન્જિનિયર-વોર્ડ નં.-૪ ને હાલની ફરજો ઉપરાંત પાર્ટ્સ એન્ડ ગાર્ડન શાખામાં પૂર્વ ઝોનમાં સમાવિષ્ટ બાગ બગીચાઓ સંદર્ભે સિવિલ વર્કની કામગીરી કરવાની રહેશે. તથા રોનક.બી.પટેલ એડિ.આસિ. એન્જિનિયર ગાર્ડન શાખાની ફરજો ઉપરાંત પાર્ક એન્ડ ગાર્ડન શાખામાં ઉત્તર ઝોનમાં સમાવિષ્ટ બાગ બગીચાઓ સંદર્ભે સિવિલ વર્કની કામગીરી કરવાની રહેશે. અજીત.આર.ભાભોર-સિ.એડિ.આસિ. એન્જિનિયર વોર્ડ નં. ૮તથા વિશ્વામિત્રી પ્રોજેક્ટને હાલની ફરજો ઉપરાંત પાર્કસ એન્ડ ગાર્ડન શાખામાં પશ્ચિમ ઝોનમાં સમાવિષ્ટ બાગ બગીચાઓ સંદર્ભે સિવિલ વર્કની કામગીરી કરવાની રહેશે. આ ઉપરાંત પ્રતીક.આર.જોશી-એડિ.આસિ. વોર્ડ નં. ૧૮ ને હાલની ફરજો ઉપરાંત પાર્થ એન્ડ ગાર્ડન શાખામાં દક્ષિણ ઝોનમાં સમાવિષ્ટ બાગ બગીચાઓ સંદર્ભે સિવિલ વર્કની કામગીરી કરવાની રહેશે. તેમ પાલિકા મ્યુ કમિશનર અરુણ મહેશ બાબુએ આદેશ કર્યો છે.

# ખંભાત મુખ્ય બજારમાં ટાવર પર વીજળી પડી

આણંદ

ખંભાતમાં વીજળી પડવાની ઘટના બની હતી. ખંભાત મુખ્ય બજારમાં ટાવર પર વીજળી પડી હતી. વીજળી પડવાની ઘટના કેમેરામાં કેદ થઈ હતી. મોડી રાત્રે ગાજવીજ સાથે શરૂ થયેલા વરસાદ દરમિયાન વીજળી પડવાની ઘટના બની હતી. સદનસીબે આ વીજળી પડવાની ઘટનામાં કોઈ જાનહાનિ નથી થઈ. વીજળી પડતા આસપાસના રહેવાસીઓમાં દહેશતનો માહોલ છે.

આણંદના ખંભાતમાં વીજળી પડવાનાની ઘટના બની છે. વીજળી પડવાના લાઈવ દ્રશ્યો કેમેરામાં કેદ થયા હતા. મોબાઈલ ટાવર પર આકાશી વીજળી પડી હતી. વીજળી પડવાના દ્રશ્યો સ્થાનિકોના મોબાઈલમાં કેદ થયા હતા. વીજળી પડતા સ્થાનિકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો.

આણંદ-સોજિત્રા રોડ પર વાવાઝોડાથી બે વૃક્ષો ધરાશાયી થયા હતા. રોડ પર પસાર થઈ રહેલા વાહનોને નુકસાન થયું છે. આણંદ અને આસપાસના વિસ્તારોમાં ભારે પવન અને વરસાદ સાથે વાવાઝોડું આવ્યું હતું. વાવાઝોડાના કારણે આણંદ-સોજિત્રા રોડ પર બે વિશાળ વૃક્ષો ધરાશાયી થયા હતા. ઘટનાની જાણ થતા જ આણંદ ફાયર બ્રિગેડની ટીમને જાણ કરાતા ફાયર બ્રિગેડના જવાનો ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ધરાશાયી થયેલા વૃક્ષો નીચે એક રીક્ષા અને એક કાર દબાઈ ગયા હતા. ફાયર બ્રિગેડની ટીમે યુદ્ધના ધોરણે બચાવ કામગીરી હાથ ધરી હતી. દબાયેલા વાહનોને બહાર કાઢ્યા હતા. સદભાગ્યે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

ગુજરાતમાં ચોમાસાની રાહ જોવાઈ રહી છે ત્યારે હવામાન વિભાગે રાજ્યમાં આજે પણ વરસાદની આગાહી કરી છે. આજે ૧૫ જિલ્લાઓમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. આ આગાહી ખાસ કરીને સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતના કેટલાક જિલ્લાઓ માટે રાહતના સમાચાર લઈને આવી છે, જ્યાં લોકોને ગરમીથી થોડી રાહત મળી શકે છે.

# બોટાદના ભીમડાદ ગામમાં પડતર પ્રશ્નો ઉકેલવાની લોકોની માગ

બોટાદ,

આગામી ગ્રામ પંચાયત ચૂંટણી ૨૨ જૂનના રોજ યોજાવવાની છે, ત્યારે બોટાદ તાલુકાના ભીમડાદ ગામમાં ચૂંટણી યોજાવવા જઈ રહી છે. ગામમાંથી પસાર થતાં માર્ગ અને મકાન વિભાગનો મુખ્ય ધોરી માર્ગ બિસ્માર હાલતમાં છે. બોટાદને જોડતો સાલૈયા જોટીંગડા રોડ તેમજ મેઘવડિયા તરફ જતો રસ્તો કેટલાય વર્ષોથી ખખડધજ બની ગયો છે. ત્યારે નવા ઉમેદવાર જીત મેળવી સૌપ્રથમ પંચાયત ઠરાવ કરી રોડ બનાવવા માગણી કરે તેવી લોકો અપેક્ષા રાખી રહ્યા છે.

ભીમડાદ ગામના અનેક વિસ્તારોમાં રોડ બનાવવા માટે બ્લોક નાખી રસ્તા બનાવવામાં આવ્યા છે. જ્યારે અનેક વિસ્તારોમાં રોડની જરૂરિયાત છે. ભીમડાદ ગામમાં ઉચ્ચતર માધ્યમિક શાળાઓ સહિત ૩ સરકારી અને એક ખાનગી શાળા આવેલી છે. શાળાના અભ્યાસ કાર્યથી ગામ લોકો સંતુષ્ટ હોય તેવું જણાઈ રહ્યું છે. ગામમાં કુલ ૬ આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે.

અનેક નવા વિસ્તારો બન્યા છે, જ્યાં આંગણવાડી કેન્દ્ર બનાવવામાં આવ્યા નથી, ત્યારે વસ્તીના ધોરણે હજુ બે ત્રણ આંગણવાડી બને તેવી લોકો અપેક્ષા રાખી રહ્યા છે. ભીમડાદ ગામમાં સિંચાઈ માટે ભીમડાદ ડેમ આવેલો છે, આ ડેમ અને ગામોને સિંચાઈ માટે અને પીવાના પાણી માટે ઉપયોગી થાય તે માટે ડેમ ભરેલો હોય, ત્યારે આસપાસના અનેક ગામના ખેડૂતોને ગામ લોકોને કુવાના તળ અને બોર વેલ રિચાર્જ થઈ જાય છે. અવારનવાર સૌની યોજના અંતર્ગત આ ડેમને ભરવામાં આવતો હોય છે.

ગામમાં ઘરે ઘરે સ્વચ્છતા જાળવવા માટે કચરા કલેક્શન કરવા ગાડીઓ આવે છે, ત્યારે છેવડાના વિસ્તારોમાં કચરા કલેક્શનની ગાડીઓ ક્યારેક દેખા દે છે એવું પણ જાણવા મળી રહ્યું છે. ભીમડાદ ગામમાં મોટાભાગના વિસ્તારોમાં ભૂગર્ભ ગટર લાઈન અને જોડાણ આપી દેવામાં આવ્યા છે.

ત્યારે કેટલાક વિસ્તારો આ સુવિધાથી વંચિત હોય આ વિસ્તારોમાં પણ ગટરની સુવિધાનું કામ પૂરું થાય તેવી નવા પંચાયત પ્રતિનિધિઓ પાસે ગામ લોકો અપેક્ષા રાખી રહ્યા છે. ત્યારે આગામી સરપંચ પંચાયત બોડી ચૂંટાઈને આવે તેની પાસે લોકો ગામના મૂળભૂત પ્રશ્નને હલ કરે અને વિકાસની કામગીરી કરે તેવી ગામ લોકો અપેક્ષા રાખી રહ્યા છે.

# મેસમાં સાથે જમતા ત્રણ ખાસ મિત્રોના એકસાથે મોત

અમદાવાદ,

અમદાવાદમાં બનેલી પ્લેન ક્રેશ દુર્ઘટનામાં ધીમે ધીમે કરૂણ વાતો બહાર આવી રહી છે. જેમાં બીડે મેડિકલ કોલેજના ત્રણ મિત્રો સાથે લંચ લઈ રહ્યા હતા ત્યારે પ્લેન ક્રેશ થતા તેમના મોત નીપજ્યા હતા.બીજે મેડિકલ કોલેજના ત્રણ મિત્રો, આર્યન રાજપૂત, જય પ્રકાશ ચૌધરી અને માનવ ભાદુનું મૃત્યુ થયું. વિમાન ક્રેશ થયું ત્યારે તેઓ મેસ બિલ્ડિંગમાં બપોરનું ભોજન કરી રહ્યા હતા. ત્રણેય અલગ અલગ રાજ્યોના હતા અને દવાનો અભ્યાસ કરી રહ્યા હતા.

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં બીજે મેડિકલ કોલેજમાં અભ્યાસ કરતા ત્રણ મિત્રોનું મોત નીપજ્યું . આર્યન રાજપૂત, જય પ્રકાશ ચૌધરી અને માનવ ભાદુ મેસ બિલ્ડિંગમાં લંચ માટે ભેગા થયા હતા.

### વિમાન દુર્ઘટના બાદ એર ઈન્ડિયાનો મોટો નિર્ણય

# હાલ અમદાવાદથી લંડન જવા માટે એર ઈન્ડિયાની કોઈ ફ્લાઈટ ઉડાન નહિ ભરે

## એર ઈન્ડિયાએ લીધેલા નિર્ણયને પગલે આગામી શનિવારની ફ્લાઈટ શિડયુલમાંથી હટાવી દેવાઈ હતી




અમદાવાદ

ગુજરાતના અમદાવાદમાં એર ઈન્ડિયાના વિમાન દુર્ઘટનામાં મૃત્યુઆંક ૨૭૦ પર પહોંચી ગયો છે. લંડન જતી બોઈંગ ૭૮૭-૮ ડ્રીમલાઈનર વિમાનની દુર્ઘટના બાદ, શુક્રવારથી શનિવાર રાત્રે ૯ વાગ્યા સુધી ૧૯ મૃતદેહોનું ડીએનએ પ્રોફાઈલિંગ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું છે અને ૧૨ મૃતદેહોને તેમના સ્વજનોને સોંપાયા છે. પરંતુ આ વચ્ચે એર ઈન્ડિયાએ એક મોટો નિર્ણય લીધો છે.

૧૨ જૂને થયેલ પ્લેન ક્રેસ દુર્ઘટનામાં એર ઈન્ડિયાની લંડનની ફ્લાઈટ અકસ્માતનો ભોગ બની હતી. આ દુખદ ઘટના બાદ એર ઈન્ડિયા દ્વારા નિર્ણય લેવાયો છે. અમદાવાદથી સીધી લંડન જતી ફ્લાઈટ હાલ બંધ કરવામાં આવી છે. એટલે કે, હાલ અમદાવાદથી લંડન જવા માટે એર ઈન્ડિયાની કોઈ ફ્લાઈટ ઉડાન નહિ ભરે.

એર ઈન્ડિયાએ લીધેલા નિર્ણયને પગલે આગામી શનિવારની ફ્લાઈટ શિડયુલમાંથી હટાવી દેવાઈ હતી. હવે આગામી દિવસમાં અમદાવાદથી લંડનની ફ્લાઈટ ક્યારે શરૂ થશે તે હજુ નક્કી નથી. એર ઈન્ડિયાના પ્રવકતાએ શનિવારે જણાવ્યું હતું કે, આ દુર્ઘટના બાદ અમે તમામ બોઈંગનું ચેકિંગ શરૂ કર્યું છે. અત્યાર સુધીમાં ૯ બોઈંગ ૭૮૭ વિમાનોની તપાસ પૂર્ણ થઈ ગઈ છે. બાકીના ૨૪ વિમાનોની તપાસ પણ નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કરવામાં આવશે. કેટલાક કિસ્સાઓમાં, આ તપાસ ટર્નઅરાઉન્ડ સમયમાં વધારો કરી શકે છે, જેના કારણે લાંબા અંતરની ફ્લાઈટ્સમાં વિલંબ થઈ શકે છે. ખાસ કરીને એવા એરપોર્ટ પર જ્યાં રાત્રિ કર્ફ્યુ લાદવામાં આવે છે. તેમણે કહ્યું કે મુસાફરોને સમયસર કોઈપણ વિલંબ વિશે જાણ કરવામાં આવશે. મુસાફરી કરતા પહેલા **airindia.com** પર તમારી ફ્લાઈટની સ્થિતિ તપાસો. અસરગ્રસ્ત મુસાફરોને રિફંડ અથવા મફત રિશેડ્યુલિંગનો વિકલ્પ આપવામાં આવી રહ્યો છે. મુસાફરોની સલામતી સુનિશ્ચિત કરવા માટે આ પહેલ કરવામાં આવી રહી છે.

# અમદાવાદ વિમાન દુર્ઘટનાનો લાઈવ વીડિયો બનાવનાર વ્યક્તિની અટકાયત કરાઈ

અમદાવાદ,

અમદાવાદ વિમાન દુર્ઘટનાની તપાસ હવે તેજ થઈ ગઈ છે. આ ક્રમમાં, અકસ્માતની તપાસ કરી રહેલી એજન્સીઓ હવે તે પાઈલટ્સનો સંપર્ક કરવાનો પ્રયાસ કરી રહી છે.ત્યારે અમદાવાદ વિમાન દુર્ઘટનાનો લાઈવ વીડિયો બનાવનાર વ્યક્તિની અટકાયત કરવામાં આવી છે. સમાચાર આવ્યા છે કે અમદાવાદ પોલીસે ૧૭ વર્ષના આર્યનની અટકાયત કરી છે.

અમદાવાદ પોલીસે વીડિયો બનાવનાર વ્યક્તિને પોતાની સાથે લઈ લીધો છે. ૧૨ જૂનના રોજ અમદાવાદના મેઘાણી નગર વિસ્તારમાં એર ઈન્ડિયાનું વિમાન ક્રેશ થયું હતું. તે સમયે, મેઘાણી નગરના ૧૭ વર્ષના સગીરે બનાવેલા વીડિયોમાં આખી ઘટના કેદ થઈ ગઈ હતી. આર્યન નામના સગીરે મેઘાણી નગરમાં છગંજી કી વાડી પાસે જમીન પર તૂટી પડેલા વિમાનનો વીડિયો બનાવ્યો હતો. આર્યન મનોરંજન માટે વીડિયો બનાવવા જઈ રહ્યો હતો અને વિમાન દુર્ઘટનાની ઘટના તેના મોબાઈલમાં કેદ થઈ ગઈ હતી. સગીરના પિતા નિવૃત્ત આર્મી મેમન છે જે અહીં રહે છે. આર્યન ઇડરમાં ધોરણ ૧૨માં અભ્યાસ કરે છે અને વિમાન દુર્ઘટનાના દિવસે અમદાવાદ આવ્યો હતો. તે જે બિલ્ડિંગમાંથી વીડિયો બનાવવામાં આવ્યો હતો તે બિલ્ડિંગની નીચે રહેતો હતો અને માત્ર ૩ દિવસ પહેલા જ ઉપરની બિલ્ડિંગમાં શિફ્ટ થઈ ગયો હતો. આર્યનની બહેન પોલીસની પરીક્ષા આપવા આવી હતી અને સગીર પુસ્તકો ખરીદવા આવી હતી. જોકે, પ્રાપ્ત માહિતી મુજબ, જ્યારે તે સગીર સાથે વાત કરવા જઈ રહ્યો હતો, ત્યારે પોલીસ આવીને તેને લઈ ગઈ.

### ૭ રૂપલલનાઓ સાથે થતો લોહીનો વેપાર

# ઉનાની હોટલમાં ચાલી રહેલા સેક્સ રેકેટનો પર્દાફાશ થયો

## પોલીસે અહીંથી બે લોકોની ધરપકડ કરી છે અને સાત મહિલાઓને મુક્ત કરાવી છે : પોલીસ તપાસ શરૂ

ઉના

હિમાચલ પ્રદેશના ઉના જિલ્લામાં એક હોટલમાં ચાલતા સેક્સ રેકેટનો પોલીસે પર્દાફાશ કર્યો છે. પોલીસે અહીંથી સાત મહિલાઓને મુક્ત કરાવતા બે લોકોની ધરપકડ કરી છે. આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા અને અનૈતિક ટ્રાફિક (નિવારણ) અધિનિયમની સંબંધિત કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. પોલીસ આ મામલાની વિગતવાર તપાસ કરી રહી છે.

પોલીસ અધિક્ષક (એસપી) અમિત યાદવે શનિવારે જણાવ્યું હતું કે પોલીસ ટીમને માહિતી મળી હતી કે પીર નિગાહે ધાર્મિક સ્થળ નજીક આવેલી એક હોટલમાં સેક્સ રેકેટ ચાલી રહ્યું છે. આ પછી એક પોલીસકર્મીને નકલી ગ્રાહક તરીકે હોટલમાં મોકલવામાં આવ્યો હતો. જ્યારે તેણે ત્યાં જઈને તપાસ કરી ત્યારે જાણવા મળ્યું કે રિસેપ્શનિસ્ટ રૂમનો ઉપયોગ વેશ્યાલય તરીકે થઈ રહ્યો હતો. અહીં છોકરીઓને પૈસાની લાલચ આપીને વેશ્યાવૃત્તિમાં ધકેલી દેવામાં આવે છે. પોલીસકર્મી પાસેથી સંકેત મળ્યા બાદ ટીમે હોટલ પર દરોડો પાડ્યો. સાત મહિલાઓને મુક્ત કરવામાં આવી.

આ પછી બે લોકો, રિસેપ્શનિસ્ટ દીના નાથ અને રવિ કુમાર સામે કેસ નોંધવામાં આવ્યો હતો અને શુક્રવારે રાત્રે તેમની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસ ટીમ આ મામલાની તપાસ કરી રહી છે. તમને જણાવી દઈએ કે વર્ષ ૨૦૨૩માં હિમાચલ પ્રદેશના હમીરપુર જિલ્લાના નાદૌનમાં એક મોટા સેક્સ રેકેટનો પર્દાફાશ થયો હતો. અહીંથી પોલીસે એક મહિલા અને હોટલ માલિકની ધરપકડ કરી હતી. કાંગડા જિલ્લાના ભડોલીની એક મહિલા સરલા દેવી ઉર્ફે માતા આ સેક્સ રેકેટની સંચાલક હતી. તે ૨૦ વર્ષથી વેશ્યાવૃત્તિના આ ધંધામાં સામેલ હતી. પોલીસને આ સેક્સ રેકેટ વિશે સતત માહિતી મળી રહી હતી. આ આધારે પોલીસ ટીમે આ રેકેટ સાથે સંકળાયેલા દલાલોનો સંપર્ક કર્યો. તેમની સાથે વાત કર્યા પછી સોદો નક્કી થયો. એક પોલીસકર્મી ગ્રાહક તરીકે હોટેલ નાદૌન પહોંચ્યો. ત્યાં શંકાસ્પદ પરિસ્થિતિ જોઈને પોલીસ ટીમે દરોડો પાડ્યો. પોલીસે ત્રણ મહિલાઓને રિકવર કરતી વખતે બે લોકોની ધરપકડ કરી હતી.

આ સફળતા તત્કાલીન ઈન્સ્પેક્ટર હરીશ ગુલેરિયાના નેતૃત્વ હેઠળ રચાયેલી પોલીસ ટીમને મળી હતી. આ ટીમમાં છજ્જૈ રાજકુમાર, કોન્સ્ટેબલ લખન, લલિત, રાજેશ, આશિષ અને કુલદીપનો સમાવેશ થતો હતો. આ ટીમે છટકું ગોઠવીને મહિલા દલાલ અને હોટલ માલિકની ધરપકડ કરી હતી. આરોપી મહિલા ૨૦ વર્ષથી પંજાબથી છોકરીઓને હિમાચલ પ્રદેશ લાવી રહી હતી.




PRINTER, PUBLISHER, OWNER AND EDITOR : NILAYBHAI HARISHBHAI MEHTA PRINTED AT DHARTI PRINTERS : C/3, Celler, Shanker Chambers, Opp. Bata Showroom, Nr. H.K. House, Ashram Road, Ahmedabad-380009. gujarat AND PUBLISHED FROM : Opp. Sheth Vadilal Sarabhai Hospital, Ellisbridge, AHMEDABAD-380006(GUJ).